॥ શ્રી ॥

મુંબઇ નવાનાગપાડા રામાનંદી મંદીર.

શ્રી શાસ્ત્રોત્તેજક મંડળીની

રસીક ગરબી.

છપાવી પ્રગટ કરનાર,

વીસરામ ફકીર તોરણુગામીયા

વિજય છાપખાનું મુંબઈ.

સંવત ૧૯૬૦—સન ૧૯૦૪.

સરસ્વતીની સ્તુતી.

જે જે જે માતા સરસ્વતી ॥ સરસ્વતી આપો શુભ મતી ॥ ટેક ॥
તમને સીસ મુગુટ બીરાજે ॥ તેમા મણી સુંદર અતી સાજે ॥
જેમ જ્યોત વિદ્યા તણી ઝગમગતી ॥ ૧ ॥
વળી કુંમકુંમ સોહે કપાળ ॥ નેણુમાછે સીંધુ કીરપાળ ॥
મુખમા છે મધુરી વેણુ સતી ॥ ૨ ॥
સાજે મોરતણી અસ્વારી ॥ હાથ કીડતાવ વીણુ ઝણુકારી ॥
કંઠે કોમળ બોધ છે બુધ મતી ॥ ૩ ॥
વિદ્યા સીંધુ સરખો સાર ॥ જે સીખે તે થયો સરદાર ॥
તમે છો ગ્રંથ ના ગૃથ મતી ॥ ૪ ॥
તુજથી છેવેદી ગયાની ॥ વળી મુની પંડીત ધ્યાની ॥
શોવે બ્રહ્મા વીષ્ણુ શીવ જતી ॥ ૫ ॥
પ્રકાશ પ્રગટ છે સતીમા ॥ રૂષી, જોગી અને ભકતીમા ॥
તમથી છે સૌની સીધ્ધ મતી ॥ ૬ ॥
જે ન જાણે જગતમાં તુજને ॥ વશ રહે મુરખ કબુધને ॥
તે ચંડાળ તણી છે ભ્રષ્ટ મતી ॥ ૭ ॥
વિનવે શાસ્ત્રોત્તેજક મંડળી ॥ એને સરણે રાખો સંભાળી ॥
પ્રગટ છો શાસ્ત્રના છત્રપતી ॥ ૮ ॥

કે. સી. ટાલીયા.

ગરબો ૧
શ્રી શનીચર બેઠકનો.

॥ ધન દશેરા દસ દાડે આવ્યોરે મનીખા દેહીમા ॥ એ રાગ ॥

ધન નાગપાડા બેઠકની રૂશનાઇ, શનીચરની રાતે ॥ ટેક ॥
એતો ચવુદ ભાઈબંદ મલી કરી ॥ એવો કીધો મનસુબો ઠીક કરી ॥
મદીરમા બેઠક ઉભી કરી ॥ ના ગાઈ વજાડે તાલ કરી ॥ ધન નાગ૦ ॥૧॥
તા પાનસોપારી મીઠાઈ ખવાઈ ॥ ચાઈ કાફીને શરબત પીવાઇ ॥
શરવે ભાઇયોના ગરામા ફુલ ઘલાઇ ॥ બારવાગયા પછી નંબર ઉઘરાઇ ॥
ધન નાગપાડા૦ ॥ ૨ ॥
હીરજી જાપર કેવાઇ સેકરટરી ॥ નારણ હીરા છે ટરસટી ॥
એણે પઇસાનો હીસાબ કરી ॥ નરસુ કેસવને આપે લીએ સેન કરી ॥
ધન નાગપાડા૦ ॥ ૩ ॥
૭ મહીને હીશબ કીધો ટોટલ ॥ દુલંભ લાલાને વરી કરસન ગોપાલ ॥
હીશાબ જોઇને બુક કીધુ બદલ ॥ ૧૦૦) ખરચાને ૧૦૦) રીયા મુદલ ॥
ધન નાગપાડા ॥ ૪ ॥
શરવે સામાન રાખે ગુદામ કીપર ॥ તે તો જગા મકન કેવાઈ શીટર ॥
કાનજી મુલજી વરી બાઇલર મેકર ॥ શુ ભજન ગાવા આઈવા મારકર ॥
ધન નાગપાડા૦ ॥ ૫ ॥
એમા ઘણાક જણ મોટા બુટલેર ॥ તે તો ઊમેલ આઘી આવે જોરે જોર ॥
પરમેશ્વર કરજો એ શરવેપર મેહેર ॥ કર જોરીને ગાઇ પીરૂ પેનટર ॥
ધન નાગપાડા૦ ॥ ૬ ॥

ફ. મો. તોરણગામીયા.

ગરબો ૨

મુંબઇ નવા નાગપાડાના મંદીરનો.

મુંબઇ શહેરને નવા નાગપાડા, ને ભાઈખલાનું નાકુંજી ॥
બાવા જયરામદાસે મંદીર બાંધીયુ, એમા લંકેશરી હનુમાન ॥
દેવ મોરારીજી ॥ ટેક ॥

મંદીર બાંધીયુ બોવ પ્રીત કરી, એની રચાના કરી બોવ શારીજી ॥
શ્રી ઠાકોર મહારાજની શેવા બીરાજે, બાલાજીની બલીહારી ॥
દેવ મોરારીજી ॥ ૧ ॥

પાન ફુલ બોવ ભાતના મેવા, શીવ શંકરની સેવાજી ॥
બાલાજીની ધજા ફરકે, એની સનીએ કરીએ સેવા ॥
દેવ મોરારીજી ॥ ૨ ॥

ઘન્ટ સંખ નગારૂ વાગે, આરતી કરે નરનારીજી ॥
ઝાંઝ ખંજરી તંબુરા વાજે, મંઝીરા અંઝારી ॥ દેવ મોરારીજી ॥

જોત પાટ બાવે જામલો રચીયો, હીદોરાની છબ નીયારીજી ॥
મશતકે હાથ દેઇ મારગ બતાવ્યો, ગરૂ દેવની બલીહારી ॥
દેવ મોરારીજી ॥ ૪ ॥

જયરામ સ્વામીની મેમા મોટી, ને નરસીદાસની જોરીજી ॥
બાવા બાલકદાસને ચરણે રહીએ, નરભેરામની બલીહારી ॥
દેવ મોરારીજી ॥ ૫ ॥

ગરૂ રામાનંદ સ્વામીની ગાદી, અગરાવત કુંબાવંતીજી ॥
રામદાસ બાવાને પાયે પરીએ, ભાણુદાસની બલીહારી ॥
દેવ મોરારીજી ॥ ૬ ॥

શત ગરૂ મલ્યા તેના ભાવેગ ફલીયા, ને નામ તણો રંગલાગીયોજી ॥
પ્રેમ કરી પીયાલો પીધો તેણા, જરણ મરણ બે ભાગીયા ॥
દેવ મોરારીજી ॥ ૭ ॥

શની, રવી, શ્રી સોમવાર બેઠક, બુધ બેઠક બોવ ભારીજી ॥
આઠે ડાહાડે બેઠકની રૂશનાઈ, મદીરમા જે જે કારી ॥
દેવ મોરારીજી ॥ ૮ ॥

ગત ગંગા સવ મલી કરીને, મદીરના કારજ કરીયેજી ॥
પ્રીત કરીને લાહાવો લયે, તો ઇશ્વરને ગમીયે ॥ દેવ મોરારીજી ॥ ૯ ॥

ભાઈ વાલજી કેશવની કારીગરી સારી, મંદીર રંગયુ બહુ ભાતીજી ॥
ઝાડ વેલ શારા ચીત્ર બનાવ્યા, ને સકલ દેવની મુરતી ॥
દેવ મોરારીજી ॥ ૧૦ ॥

કાનજી કેશવે પોર બાખશ બનાવ્યુ, તેના તારાની ગત છે નીયારીજી ॥
ગુપ્ત દાન લાલનને લેખે, કરે સકલ જન નરનારી ॥
દેવ મોરારીજી ॥ ૧૧ ॥

દાજી કલ્યાણની જુગતી સારી, એના ફેટા પર બલીહારીજી ॥
સંત તણા એ દાસ થઇને, શેવા કરે વારી વારી ॥

દેવ મોરારીજી ॥ ૧૨ ॥
જેરામદાસ બાવો શરગે સીધારયો, એનુ નામ રહીયુ જગમાહીજી ॥
માહાવશીનું મંદીર કેવાયુ, એની જે જે બોલો શવ કોઈ ॥
દેવ મોરારીજી ॥ ૧૩ ॥

ઓગણીસ સોને તેતાલીસના, ભાદરવા સુધ પાંચમજી ॥
બુધકામ ગરૂ સુધ થયુ મારૂ, ધન ઈશવરનો માહાતમ ॥
દેવ મોરારીજી ॥ ૧૪ ॥

અવ શંતનને ચરણુ બહગી, ફકીર મોરાર લવલાઇજી ॥
માથાવશીના નાદાન સેવકો, આદીન થઇ ગુણુ ગાઈ ॥
દેવ મોરારીજી ॥ ૧૫ ॥

ક મો. તોરણુગામીયા.

ગરબો ૩.

રંગુનના ફયાનનો.

સખી પડવાના પથમા ચાલોજી (એ રાગ)

રંગુનનો ફયો જોવાને ચાલો રે ॥ બ્રમ્હા તણા દેવલમાં માહાલો રે ॥
ત્યા બેઠા જે કૃષ્ણુ ગોપાલો ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ટેક ॥

એ ફયા બનયો બોવ શારો રે ॥ મદીર બાંધ્યા છે હારો હારો રે ॥
એની સોભાનો નહી પારો ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧ ॥

શીરી અંકશોને છ ગુલજારો રે ॥ કોટ બાંધીયો છે ફરતો બોવ શારો રે ॥
એ ત્રણુ દીશાએ ત્રણુ કબાગે ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૨ ॥

શાડીનો મદર બાંધ્યો શોહામણોરે ॥ ખભા બશોને બતરીસ હાર કતારો રે ॥
દષ્ટાંત બે ઉભા કીધા છે તે ઠારો ॥ હરીહર નામ મખે ઓ ચરીયે રે ॥ ૩ ॥

ફરતો ચેર બાંધ્યો છે બોવ શારો રે ॥ પુલ મેલ્યા છે તરાવારો રે ॥
એને બંદ કરતા નહી લાગે વારો ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૪ ॥

ફયાનો માથે મુગટ સોનાનો રે ॥ હીરાં કકર રતન મોતીનો રે ॥
માણુક એક જરીયો છે અધ લાખનો ॥ હરીહર નામ મખે ઓ ચરીયે રે ॥૫॥

પ્રથમ દરવાજે મદર મોટુ રે ॥ એમા મુરતી બેઠી છે ત્રેશટો રે ॥
દીવડા બલે છે દીવસને રાતો ॥ હરીહર નામ મખે ઓ ચરીયે રે ॥ ૬ ॥

શાંભે બેઠકો બની ગુલજારો રે ॥ દુકાનો માડયા છે હારો હારો રે ॥
સોદો બેઠી વેચે બ્રમી નારો ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૭ ॥

પેટી લોહા તણી મેલી તીહાઆરે ॥ ત્રણ તરાછે તેને દુવારે રે ॥
ગુપ્ત દાન કરે તેમો જાર ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૮ ॥

શાભે મદર ઘન્ટાને કચેરી રે ॥ વરી નાની નાની બીજી ડેરી રે ॥
સવ કોઈ પાયે પરે વારી વારી ॥ હરીહર નામ મખે ઓ ચરીયે રે ॥ ૯ ॥

બીજો દરવાજો છે ઊગમણો રે ॥ એતો દીસે ઘણો સોહામણો રે ॥
સાંસે મંદર બાધ્યા રલીયામણા ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૦ ॥

બીજો મદીર બન્યો બૌવ સારો રે ॥ ચોરાણુ ખભા મેલ્યા હારો હારો રે ॥
છોતેર સીડી છે તેને દુવા રો ॥ હરીહર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૧ ॥

બીજા મદીરની રૂસનાઈ સારી રે ॥ ઊડતાલીશ મુરતી મદીરની માહી રે ॥
શરણી પાયે પડે છે ત્યાહી ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૨ ॥

સાભે બેઠકો બની ગુલજારો રે ॥ ઘન્ટા પયાને ડેરી હારો હારો રે ॥
એક મોટો ઘન્ટો છે તે હારો ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૩ ॥

પંદર હાથ ગીરદ ઘન્ટાની રે ॥ છ હાત ઉંચોને ઘણો ભારી રે ॥
એની મેરી બાંધી સોનેરી ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૪ ॥

બીજા કામ સારા ઘણા કીધારે ॥ પાચ કબર ઇગરેજો તણી છે ત્યાય રે ॥
વરી સોનેરી કર્યા છે બે ત્યાયે ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૫ ॥

હવે તીસરો દરવાજો આવ્યો રે ॥ મદીર સારાને દીસે રૂપાલા રે ॥
બે શુશવારની ઉપર બે શવારો ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૬ ॥

મંદર તીજામા મુરતી ચાલીસ રે ॥ બેઝાડની ગુફા પાસે પાસે રે ॥
એમા એસી મુરતીનો વાસો ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૭ ॥

હવે બીજો ઘટો તે ઠારો રે ॥ બાર હાથ એનો છે ઘેરો રે ॥
શાંડા.પાચ હાથ ઊંચે રો ॥ હરી હર નામ મખે ઓ ચરીયે રે ॥ ૧૮ ॥

મંદર બાંધ્યા છે તે ઠાર રે ॥ એકવીસ હાથ મુરતી લાંબી એક સાર રે ॥
ચગણે બેઠો છે એક દાસ ॥ હરી હર નામ મખે એ ચરીયે રે ॥ ૧૯ ॥
મછમ દસાયે દરવાજો ચોથો રે ॥ તારા મારીયા નથી ઉઘાડો રે ॥
બેઠો જોસ જુવે એક આંધરો ॥ હરી હર નામ મખે એ ચરીયે રે ॥ ૨૦ ॥
અંધો પાટી-પર લખીને વાચે રે ॥ જોશ જોવા જુવે સત્ય ભાખે રે ॥
એને દેખાતુ નથી કઈ આખે ॥ હરી હર નામ મખે એ ચરીયે રે ॥ ૨૧ ॥
મંદર ચોથામા મુરતી પચાસ રે ॥ રાત દીન સેવા કરે હરીના દાસ રે ॥
હીરા રતન જડીત એ વાસ ॥ હરી હર નામ મખે એ ચરીયે રે ॥ ૨૨ ॥
ફુયા બાગ્યો ઘણો ગુલઝારરે ॥ ઊપર ડેરી બાધી છે હારો હારો રે ॥
ત્યા જોવા આવે નર નારો ॥ હરી હર નામ મખે એ ચરીયે રે ॥ ૨૩ ॥
ઇશાનને વાયુ ખુણે બે ગેટછે રે ॥ શોનજરનો પોરો ફરે દન રાતો રે ॥
નાગી તરવાર છે એને હાતો ॥ હરીહર નામ મખે એ ચરીયે રે ॥ ૨૪ ॥
એક અંધો બેઠો વગાડે જનતરીરે ॥ છતરીસ નાદનું વાજુ ખરોખરી રે ॥
ગાઈ પગમાં ઝાઝને તાલ વગાડી ॥ હરી હર નામ મખે એ ચરીયે રે ॥૨૫॥
ભીખારી બેઠા છે હાર કતાર રે ॥ લુલા લંગડાનો નહી પાર રે ॥
દાન દીયે છે નરને નાર ॥ હરીહર નામ મખે એ ચરીયે રે ॥ ૨૬ ॥
મુરતા ગનીયા નવસોને એકરે ॥ પાર જોઇને લીધોછે છેક રે ॥
હજી મુરતીઓ બાધે છે અનેક ॥ હરી હર નામ મખે એ ચરીયે રે ॥ ૨૭ ॥
સંવત ઓગનીસ સોને તેતાલીસરે ॥ ભાદરવા સુદ એકમને સનીવાર રે ॥
ગરબો જોડીયો પેગુ કલબમા સાર ॥ હરીહર નામ મખે એ ચરીયે રે ॥ ૨૮ ॥
ફકીર મોરાર ફયામા ફરી ફરી નેરે ॥ ધીયાન કીધુ છે ઘણુ ઠરી ઠરી નેરે ॥
માફ માગીને ગાઇ કરજોરી ॥ હરીહર નામ મખે એ ચરીયે રે ॥ ૨૯ ॥

ફ. મો. તોરણગામીયા,

ગરબો ૪

શ્રી શહેર રંગુનનો.

લંકાપર લાખી ડોટરે હનુમાન સરીખો કોઇ નહી (એ રાગ).

દેશ બ્રહમાનુ કહેવાઈ રે ॥ રંગુન સરીખુ શહેર નહી ॥ ટેક ॥

ચાલ—કલકતેથી આગબોટ છુટી ॥ ઠેઠ મંઠીપાઇંટ લગ જાઇરે ॥
ત્યાથી પાઇલેટ લઇને ચાલ્યો ॥ મીઠી ખાડીની માંઇ ॥ રંગુન શહેરમા
॥ બેવાર ॥

દોર—જઇ કલકતા પુલપર ઊભી કરી ॥ પાસીંનજર ઉતરી જાયરે ॥
રંગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રહમાનુ ॥ ૧ ॥

ચાલ—રંગુન શેહેરમાં વીસ બંદર છે ॥ એ સવ પુલ કહેવાઇ રે ॥
આમા મદ્રાસ કલકતા સૌથી મોટા ॥ વીલાતી ને ચીનાઇ ॥
રંગુન શહેરમા ॥ બેવાર ॥

દોર—એમા નાના નાનાનુ નામ નહી ॥ વેપાર ની ચાલે ડોટ રે ॥
રગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રહમાનુ ॥ ૨ ॥

ચાલ—રંગુન શેહેરમા રસતા ઘણા છે ॥ કેહતા નહી આવે પાર રે ॥
મોટા રસ્તાપર બજાર ફૈયા ॥ સુરતી મસીદ ગુલજાર ॥
રંગુન શેહેરમા ॥ બેવાર ॥

દોર—ત્યાની બજાર બની બૌસારી ॥ ચીનાઈ કાપડનો વેપાર રે ॥
રગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રહમનુ ॥ ૩ ॥

ચાલ—રંગુન શહેરમા સુરતી વોરાને ॥ મદરાસી મુસલમાન રે ॥
અઢાર વરણના લોક વસે છે ॥ ને ફીરંગી તરાવાર ॥
રંગુન શહેરમા ॥ બેવાર ॥

દોર—એમા બ્રહ્માની નાત છે બોવ ભારે ॥ ચીનાને ચી ગલાઈ સાર રે ॥
રંગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રહ્માનુ ॥ ૪ ॥
ચાલ—રંગુન શહેરની ઇમારતો મોટી ॥ બગલા ઘણાને ઓશારા રે ॥
વાડી બગીચા ખુબ બનીયા છે ॥ મોટો ફુયો ગુલજાર ॥
રંગુન શહેરમા ॥ બેવાર ॥
દોર—ત્યા ઠાકોરજીની ફીરયા ભારે ॥ કૃષ્ણુ મહારાજની બલીહારી રે ॥
રગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રહ્માનુ ॥ ૫ ॥
ચાલ—રગુન શહેરમા નાની રેલવે છે ॥ ઇસ્ટેટ બ્રમ્હા કેવાઇ રે ॥
નાની ગાડી દેખાઇ સારી ॥ એ ગડગડ દોડી જાય ॥
રગુન શહેરમા ॥ બેવાર ॥
દોર—ગુડ ગાડી ચાલેછે રાત દાહાડો ॥ મેલ પાસીજરને લોકલ જાયરે ॥
રંગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રહ્માનુ ॥ ૬ ॥
ચાલ—રગુન શેહેરમા નાના ઘોડા ॥ પેગુ જાત કહેવાઇ રે ॥
ઠીગણે ઘાટે દોડે સારૂ ॥ એમા કઈ પણ ખાપણ નહી ॥
રગુન શહેરમા ॥ બેવાર ॥
દોર—પોલુ ખેલીયાના કામમા એસારા ॥ એની વરસે સરત થાઇ રે ॥
રંગન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રમ્હાનુ ॥ ૭ ॥
ચાલ—રગુન શહેરમા ઇસ્ટીમ ટરામવે ॥ શહેરમા સરવે ઠેકાણેરે ॥
ઇજીન દરાઇવર ઘન્ટો વગાડે ॥ માણસ આઘા પાછા થાઈ ॥
રગુન શહેરમા ॥ ॥ બેવાર ॥
દોર—એમા બ્રહ્મીઓ બૈ બેસીને ॥ પ્રૈયાના દરસન કરવાને જાયરે ॥
રંગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રહ્માનુ ॥ ૮ ॥
ચાલ—રંગુન શહેરમા જીમાખાનુને ॥ બે હોટેલ છે સાર રે ॥
તેથી વડી છે બ્રહ્મા કલબ ॥ પેગુ કલબનો બહાર ॥
॥ રગુન શહેરમા ॥ બેવાર ॥

દોર—ત્યા કાનજી રામો છે હેડ બુટલેર ॥ મુબઇ સરવેટ કરે ગુલજાર રે ॥
રંગુન સરીખુ શેહેર નહી ॥ દેશ બ્રહ્માનુ ॥ ૯ ॥

ચાલ—પેગુ કલબથી હટ છુટે ॥ કુતરાની ડોડા ડોડરે ॥
સાબ મડમ સો ઘોડે બેસી ॥ દોડે જોડે જોડે ॥
રગુન શહેરમા ॥ બેવાર ॥

દોર—ઇનીસ સાબ બીગલ વગાડે બૌ સારૂ ॥ હટનો સેંક્રેટરી કેહવાઇ રે ॥
રંગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રમ્હાનુ ॥ ૧૦ ॥

ચાલ—ઓગણીસ સોને તેતાલીશ ॥ શ્રાવણુ વદ સરી સાતમ રે ॥
આ ગરબો જોઇડો પેગુ કલબમા ॥ ધન ઇશ્વરનો માતમ ॥
રંગુન શહેરમા ॥ બેવાર ॥

દોર—પકીર મોરારને હીરજી જાપર ॥ દાસ કાનજી મુલજી ગાઈ રે ॥
રગુન સરીખુ શહેર નહી ॥ દેશ બ્રમ્હાનુ ॥ ૧૧ ॥

ફ. મો તોરણુગામીયા.

ગરબો ૫

શ્રી મુંબઈ નવાનાગપાડા શાસ્ત્રોત્તેજક મંડળીનો.

લંકાપર લાખી ડોટરે હનુમાન સરીખો કોઇ નહી (એ રાગ).

ધન ઇશ્વરનો મહી માયરે, મંડળીની સોભા સરસ બની ॥
પરમેશ્વર તણા ગુણ ગાયરે ॥ આહ્યાવશીઓ જોવા આવોજી ॥ ટેક ॥

ચાલ—નાગપાડાપર મોટુ મદીર, લ કેસરી હનુમાનજી ॥
શાસ્ત્રોત્તેજક મંડલી તેમા, ગીયાન કરે અપાર ॥ જોવા આવોજી ॥
॥ બેવાર ॥

દોર—તેમા બતીઓની રૂશનાઈ ખુબ બની ॥ ચાઈ કાશીનો નહી પાર રે ॥
વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૧ ॥
ચાલ—હાંડીઓની હાર લાગે, ઝાલર લાગે ફુલનીરે ॥
જગે જગે પીક્ચર લગાવીયા, જોવાની જુગતાઈ ॥ જોવા આવોજી ॥
॥ એવાર ॥
દોર—ગલીચા પાથરયાં બોવર ગી ॥ ગુલાબનો થાઈ છણુકાવરે ॥
વસતીનારે વાસી સોભીતા ॥ ધન ઇશ્વરના ॥ ૨ ॥
ચાલ—મુકત શાસ્ત્ર કોઇ વાચે, કોઇ રામાયણુ સાર રે ॥
એકાદસી માહાતમ કોઈ વાચે, વરણુન કરે અપાર ॥
જોવા આવોજી ॥ એવાર ॥
દોર—જન્માષ્ટમીને ગરૂડપુરાણુ વાચે ॥ કથે સત્ય નારાયણુ સારરે ॥
વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૩ ॥
ચાલ—ધરમ વીશે ઊપદેશ કરે કોઈ સ્ત્રી બોધક સાર રે ॥
કોઈ સત્ય અસત્યનો ભેદ બતાવે, એવા ભાષણુ કરે અપાર ॥
જોવા આવોજી ॥ એવાર ॥
દોર—એમા નાના મોટા બીજા શાસ્ત્રો ॥ તે વાચ્યવાની ચતુરાઇ રે ॥
વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૪ ॥
ચાલ—કોઇ તબલાને સારગી વગાડે, કોઇ બજીરીનો તાલજી ॥
કોઇ તંબુરાને મજીરા વગાડી, ભજન ગાય અપાર ॥
જોવા આવોજી ॥ એવાર ॥
દોર—શ્રીફલ ચડાવે બજરગને ॥ ઠાકોરને પકવાનનો ભોગરે ॥
વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૫ ॥
ચાલ—બારવાગે ત્યારે નબર ઉઘરાવે, એક એકને મારે હાકરે ॥
હાજર હાજર સવ પોકારં, નબર ભરે જરૂરાજરૂર ॥
જોવા આવોજી ॥ એવાર ॥

દોર—ધરમ ખાતાની ત્યા ધમાલ ચાલે ॥ જોણે બેંક ખોલીકે ટકસાલ રે ॥
વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૬ ॥

ચાલ—હાલ એમા છેતાલીસ નંબર છે, તેની કહુ જુગતાઈ ॥
કોઇ છે ઇજનેર, છે કોઇ ફીટર, કોઇ રાઇટર જાણ ॥
જોવા આવોજી ॥ બેવાર ॥

દોર—એમા મોટા પેન્ટરનો પાર નહી ॥ એમા ઘણાક બુટલેર હુસીયાર રે ॥
વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૭ ॥

ચાલ—કેશવ કાનજી સેક્રેટરી ॥ ટોલીયા પેન્ટર કેવાયરે ॥ ॥
ફકીર મોરાર મેનેજર, તે હુકમ કરે સવાય ॥ જોવા આવોજી ॥
॥ બેવાર ॥

દોર—હરી મોરાર છે ગુદાવ કીપર ॥ વીસરામ કરે કારભાર રે ॥
વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૮ ॥

ચાલ—ઓગણીસ સોને ત્રેપણ, શ્રાવણ શુદ બીજને સનીવારરે ॥
માસ જુલાઇને તારીખ એકતીસ મંડલી અસથાપી સાર ॥
જોવા આવોજી ॥ બેવાર ॥

દોર—હીરજી જાફર કહે આવવાની મનાઇ છે ॥ કાનજી મુલજી કહે નબર થાવરે ॥ વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૯ ॥

ચાલ—બ્રમ્હોહં, શીવોહં, ઓહં, વીશ્ણુ અવીનાસરે ॥
શાસ્ત્રોતેજક મંડલી ઉપર દયા કરો રઘુનાથ ॥ જોવા આવોજી ॥

દોર—ફકીર મોરાર કહે છે કર જોડીને ॥ અખેરાખો મંડલીનુ નામ રે ॥
વસતીના રેવાસી સોભીતા ॥ ધન ઇશ્વરનો ॥ ૧૦ ॥

ફ. મો. તોરણગામીયા.

ગરબો ૬

સેરી વશાવી શાજ કરૂ ઘેર આવોને (રાગ–ઘોલ).

સરસ્વતી માતાને પાયે લાગુ કર જોરી ॥ જગદંબે હોજો પરસન
મડલી વાલાને ॥ ૧ ॥

વીનવુ અબીકા માય નમુ માહા કાલીને ॥ ચડીકા માઇ કરજો
મેહર મડલી વાલાને ॥ ૨ ॥

માતા માહા લક્ષમી કરજો શાહાય નવા નાગપાડાને ॥ સૌ ભાગ્ય
આપજો માઇ મંડલી વાલાને ॥ ૩ ॥

મનોહર પુરજો માઈ નમુ મુંબાદેવીને ॥ કરૂણા કરો બેચરા માત
મડલી વાલાને ॥ ૪ ॥

માતા એકાદસીને નમીયે શતવ્રત પાલીને ॥ આપો રીધી શીધી
મોરી માય મડલીવાલાને ॥ ૫ ॥

શરણે આવીને માગીયે માઈ શીતલા દેવીને ॥ આપો શાતી
નીરમલ ગીયાન મડલી વાલાને ॥ ૬ ॥

ઉનાઇ માતાને લાગીયે પાય સી ગોતેર માતાને ॥ આપો વિદ્યા
ધરમ ધન મંડલી વાલાને ॥ ૭ ॥

ધન્ય ધન્ય વશતીના લોક ધન્ય નાગપાડાને ॥ ધન્ય ધન્ય ગરબી
ગાનાર મડલી વાલાને ॥ ૮ ॥

ધન્ય ઓગણીશશો ને શાઠ આસો માશ એકમને ॥ ધન્ય શુધ આરંભ
સોમવાર મંડલી વાલાને ॥ ૯ ॥

શારત્રોત્તેજક નિત્ય ભજે શાતી શારદાને ॥ જીભ્યાયે વશો હો માત
મડલી વાલાને ॥ ૧૦ ॥

ફ મો તોરણગામીયા.

ગરબો ૭

સીતાજીના બાર મહીના. (એ રાગ)

કેવલ નીરગુણનામ, સત્ય કરી ભાખીયે ॥
શબ્દ ગ્રહીનીજ સાર, હીરદામા રાખીયે ॥ ૧ ॥
વસ્તુ છે મુલ અમોલ, તેનો તોલ જે કરે ॥
કામ કરોધ હંકાર, લોભ મોહ પ્રહરે ॥ ૨ ॥
નથી સગો સંસાર, માયા ભ્રમ જાળ છે ॥
જીવતર જુઠું જાણ, માથાપર કાળ છે ॥ ૩ ॥
એ ચીનો આવી આહાર, કરે સો જીવના ॥
રહો ચેતીને જગમાહી, શરણ ગ્રહી પીયુના ॥ ૪ ॥
ફેરા ફરોછો શીધ, માયા મ ભ્રજાલના ॥
કેમ ભુલીને નીજ નામ, વશ થયા કાલન ॥ ૫ ॥
સીખર સુનમા છે તેજ, તેને જે પ્રગટ કરે ॥
ટાળે છે પાચ પચીસ, તેથી અલગો ફરો ॥ ૬ ॥
લીયે જે અમર મુલ, તેનો નાશ કેમ થશે ॥
યાદ કરો નીજ નામ, ભરમના છુટ શે ॥ ૭ ॥
પેહરો ઘરેણા શીલ, સંતોખના ભાવના ॥
નહી લાગે કંઈવાર, પુરૂષને રીઝીવતાં ॥ ૮ ॥
ટલશે સૌ સંતાપ, ગરૂ ગોવીંદ પામશું ॥
રહ્યો પ્રગટ સૌ ઘટમાહી, એ લખો નામ શું ॥ ૯ ॥

કે. સી. ટોલીયા.

સમાપ્ત

